R.N.I. No. MAHBIL/2020/79181

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 21 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH SEPTEMBER 2023
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

તૃતિય પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

એડ. રાયચંદભાઈ રતનશી નાગડા (R.R.)

અરિહંતશરણ : તા. ૦૫.૦૯.૨૦૨૦

એક દાયકા સુધી આપશ્રીએ ''પ્રકાશ સમીક્ષા''નું તંત્રીપદ શોભાવ્યું અને આપના તંદુરસ્ત વિચારો, યથાર્થ શબ્દો તથા તટસ્થ મુલ્યાંકન દ્વારા જ્ઞાતિજનોના હૃદયમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આપશ્રી ''પ્રકાશ સમીક્ષા''ની મુલ્યનિષ્ઠતા, નિયમિતતા તથા વિવિધતા માટે સતત જાગૃત રહ્યા હતા.

તૃતિય પુણ્યતિથિએ આપને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

પ્રકાશ સમીક્ષા સમિતિ

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

કદઓ હોમ ફાઈનાન્સ- ૨

કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

કદઓ જ્ઞાતિ પાસે જુદા જુદા શહેરોમાં કેટલી જમીનો છે? મુંબઈમાં કાંજુરમાર્ગમાં બહુજ મોટો જમીનનો પ્લોટ છે. જેમાં કોર્ટનો કેસ ચાલે છે. આ ઉપરાંત મુંબઈમાં બીજા અનેક શહેરોમાં અને દેશાવરમાં જમીનો-મકાનો હશે. કલ્પવૃક્ષ યોજના હેઠળ ખરીદેલી જમીન આમ તો જ્ઞાતિની જ કહેવાય.

કદઓની માલિકીના કચ્છમાં ઘણા જ દેરાસરો અને ધર્મશાળાની જમીનો છે. ગદગ શાળાની મોટી જમીન છે. આ બધી જ્ઞાતિની લેન્ડબેન્ક છે. અને આમાંથી ફાજલ રહેતી જમીનનો બીજો શું ઉપયોગ થઈ શકે એ જોવું રહ્યું.

આપણી જ્ઞાતિ મુંબઈમાં ઘણી ખીચોખીચ વસ્તી, ચાલોમાં વસે છે. બીજા શહેરોમાં કે દેશાવરમાં ન રહી શકાય એવા ઘરોમાં જ્ઞાતિજનો છે. કેટલાક જ્ઞાતિજનો પોતાના પગારનો મોટો હિસ્સો, કદાચ ઘરનું ભાડું, લાઈટ અને ગેસ બિલ ભરવામાં જ વાપરતા હશે. અને માંડમાંડ બે છેડા ભેગા કરતા હશે.

કેટલાક કુટુંબોમાં હોંશિયાર મહેનતુ માતાપિતા. ભાઈ-બહેનો હશે. પણ એકદમ 'ન' રહી શકાય એવા ઘર અને વસ્તીમાં રહેતા હોઈ કદાચ ઉજ્જવળ ભવિષ્યની કલ્પના નહીં કરી શકતા હોય? કેટલીક માતાઓ જેમની ઉંમર વૃદ્ધ થઈ છે. તેમણે ન રહી શકાય એવી પરિસ્થિતિમાં વર્ષોથી જીંદગી ગુજારી હશે કે ગુજારી રહ્યાં હશે.

૨૦૧૮માં નલિયા મહાજનમાં જ્યારે જ્ઞાતિ માટે મુંબઈમાં મકાનો બાંધવા વિશે ચર્ચા વિચારણા થઈ ત્યારે જ્ઞાતિના બે-ત્રણ ખમતીધરોએ આ માટે જરૂરી ટેકો, નાણાંકીય સહાય અને યોજના આપવાની વાત મુકી. પણ આજે કદાચ જમીનના ભાવો એટલા વધી ચૂક્યા છે અને જમીન લઈ અને મકાનો બાંધવા પોસાય એમ નથી, તો શું ઉપાય છે?

જ્ઞાતિ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને ૩ થી ૫ વર્ષ માટે ભાડાની જગ્યા લઈ આપી શકે છે અને ભાડું ભરી શકે છે. આને માટે જરૂરી કાયદાકીય અને સામાજીક માળખું ઉભું કરવા માટે જ્ઞાતિ પાસે સક્ષમ નિષ્ણાંતો છે. આપણા દરેક ગામ કે શહેરના મહાજનો અને સંસ્થાઓ આ બાબતે સાથે મળીને અથવા પોતપોતાની રીતે પહેલ કરવી જરૂરી છે. તેથી દરેક જરૂરિયાતવાળા જ્ઞાતિજનોને ઘર મળી શકે.

ટૂંક સમયમાં નવો ભાડુત કાયદો આવવાની શક્યતા છે. આથી ઘર પાછુ લેવામાં વગેરે બહુ અડચણ નહીં પડે. આપણે હવે જો એટલું જાણીએ કે કોને ઘરની તાકીદની જરૂર છે? કોણ આને માટે પહેલ કરશે એની વાટ જોવાની જરૂર નથી.

શુભસ્ય શીઘ્રમ્.

Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

આદ્યતંત્રીઓ

''**પ્રકાશ**''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''**સમીક્ષા**''
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
''**પ્રકાશ સમીક્ષા**''
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

: તંત્રી :
ડૉ. હીરાચંદ દામજી દંડ
: તંત્રી મંડળ :
કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા

ટ્રસ્ટ રજી. નં : F - 69260
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

અન્ય ટ્રસ્ટીઓ
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી

વૉલ્યુમ : ૦૩, અંક : ૨૧, તા. ૦૫-૦૯-૨૦૨૩

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
PRAKASH SAMIKSHA
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

: જાહેરાત સંપર્ક :
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**

સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
"Shri C D O Prakash Samiksha Samiti" and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

કલર પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	કલર	GST 5%	ટોટલ
મુખપૃષ્ઠ	167 x 190 mm	11,000/-	550/-	11,550/-
આખું પાનું	167 x 233 mm	10,000/-	500/-	10,500/-
અડધું પાનું	167 x 114 mm	6,000/-	300/-	6,300/-
પા પાનું	82 x 114 mm	4,000/-	200/-	4200/-

બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	B/W	GST 5%	ટોટલ
આખું પાનું	160 x 225 mm	6,000/-	300/-	6,300/-
અડધું પાનું	160 x 111 mm	3,500/-	175/-	3,675/-
પા પાનું	77 x 111 mm	2,000/-	100/-	2,100/-
૧/૮ પાનું	77 x 54 mm	1100/-	55/-	1155/-
૧/૧૬ પાનું	77 x 27 mm	600/-	30/-	630/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

કચ્છ દર્શન

(ભાગ : ૦૪)

લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;
વરસે તો વાગડ ભલો, અસાંજો કચ્છડો બારે માસ...

કચ્છ એટલો વિશાળ જિલ્લો છે કે તેનાં ક્ષેત્રફળમાં કેટલાય રાજ્યો સમાઈ શકે છે. આ વિશાળ પ્રદેશનાં કેટલાક ભાગોને ત્યાંની વિશિષ્ટ આબોહવા, ભોગોલિક રચનાનાં કારણે જુદા જુદા નામે ઓળખવામાં આવે છે જેમકે કંઠીપટ, વાગડ ઈત્યાદિ...

કચ્છી માડુ આમ તો દિલાવર હોય છે. પણ વાગડ વરસો સુધી સુકો પ્રદેશ રહેલ હોવાથી કચ્છ અબડાસા, માંડવી, મુન્દ્રા તાલુકાની સંસ્કૃતિથી વિખુટો પડે છે અને તેથી જ કચ્છનાં એક લોકગીતે વાગડને લોકોનાં હૃદયમાં સ્થાન અપાવેલ છે.

''દાદા હો દિકરી, દાદા હો દિકરી,
વાગડમાં નવ દેશો રે સહી,
વાગડની વઢિયારી રે સાસુ...''

૨૦૦૩માં મુંબઈથી મુક્ત થઈ કચ્છમાં વસવાનું એક સપનું જોયેલું. તે સાકાર કરવા માર્ચ-એપ્રિલમાં કચ્છ મારા ગામ મંજલ રેલડીયામાં વસવાટ કરવાનો નિર્ણય કર્યો અને ધમાલથી ધમધમતી મુંબઈને અલવીદા.

અચાનક એક દિવસ ભુજમાં લટાર મારતા બાળકોનો કલરવ સાંભળી આચાર્ય પૂ. ચંદનાજીની વિરાયતન સંસ્થાનાં દ્વારે આવ્યો. કુતુહલતાપૂર્વક પ્રવેશ કર્યો અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ માટેનું યોગ્ય સ્થળ જણાતાં સામાજીક, શૈક્ષણિક ક્ષેત્રે સેવા કરવા તેમની સંસ્થા સાથે જોડાયો. લગભગ ૯ થી ૧૦ વર્ષ સેવા આપી. ઈ.સ. ૨૦૧૨માં ૬૮ વર્ષની ઉંમરે પાછો સેવા નિવૃત્ત થયો.

વિરાયતન, વિશ્વ વ્યાપી સંસ્થા હોવાથી અહીં યુ.એસ.એ., યુ.કે., ઓસ્ટ્રેલીયા, આફ્રિકાથી ઘણા એન.આર.આઈ. ભારતીયો સંસ્થા જોવા કે સ્વંયસેવકની સેવા આપવા પધારતા અને તેથી મારી જવાબદારીના એક ભાગ રૂપે તેમને કચ્છદર્શન કરાવવાની જવાબદારી સોંપવામાં આવતી. વિરાયતનમાં અમારા બે મુખ્ય માતાજી (આચાર્ય ચંદનાજી, સાધ્વીશ્રી શિલાપીજી) અને સંચાલક શ્રી અનિલ જૈન સિવાય અંગ્રેજીમાં વાર્તાલાપ યોગ્ય રીતે કરી શકે તેવી વ્યક્તિ નાં હોવાથી આ જવાબદારી અદા કરવાની મારા ભાગે આવતી.

કચ્છમાં ૨૦૦૩નાં વસવાટ પછી મોટરબાઈક ઉપર ચારે દિશાઓમાં ફરી ચુક્યો હતો. મુખ્ય જોવાલાયક સ્થળોની માહિતી અકત્ર કરી હતી. પણ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરલા કચ્છ યુનિર્વસિટી તરફથી આયોજિત ''કચ્છ ગાઈડ''નો એક વર્ષનો કોર્સ કરી સર્ટિફિકેટ મેળવેલ જે મને બહુજ ઉપયોગી નિવડેલ.

મારી દ્રષ્ટિએ કચ્છની ભોગોલિક રચનાને કાચબા સાથે સરખાવી શકાય અને આનું પ્રતિક ભુજમાં આવેલ ''સંસ્કૃતિ દર્શન''માં મળે છે. કચ્છની ચારે દિશાઓમાં કચ્છની માતાઓ કચ્છનાં બાલુડાઓનું રક્ષણ કરે છે જેમ કે (૧) ઉત્તરમાં માઁ આશાપુરા - કચ્છનાં રાજવીઓની કુળદેવી. (૨) પશ્ચિમમાં અસાર માતા - કચ્છનાં માલમો દરિયાની સફર ખેડી પાછા આવે તો માનતા પ્રમાણે મા નાં મંદિરે પુજા-અર્ચન કરે અને નાળિયેર વધેરી આશિર્વાદ લે. (૩) પૂર્વમાં મોમાય અથવા રવેચી માતા. (૪) દક્ષિણમાં રૂદ્રાણી જાગીરમાં સ્થાપિત રૂદ્રાણી માતા જેની પાસે આવેલ સરોવરનાં કાંઢે રા-લાખાનાં રૂપકડાં સુરખાબ કચ્છની મુલાકાતે આવી નિરાંતનો શ્વાસ લે.

કચ્છનાં રાજાઓ જટાધારી શિવ ભગવાનને માનનારા. શ્રાવણ મહિનામાં શિવનાં મંદિરે ઠેર-ઠેરથી ભાવિકજનો પધારી અભિષેક કરે. કચ્છની ચારે દિશામાં આવેલ પ્રખ્યાત શિવ મંદિરો છે (૧) ઉત્તરમાં કોટેશ્વર મહાદેવ, (૨) દક્ષિણમાં કાશી વિશ્વનાથનું મંદિર, જ્યાં કચ્છ અખાતનાં પાણી અભિષેક કરે, (૩) પશ્ચિમમાં પિંગળેશ્વર મહાદેવ, (૪) પૂર્વમાં કંથકોટ મહાદેવ.

કચ્છમાં ઉદ્યોગો સ્થપાતા અને પર્યાવરણનું નિકંદન નીકળી જતાં જનજીવન ડહોળાઈ ગયું છે. પણ હજી દુર દેશાવરમાં વસતો કચ્છી વાર-તહેવારે કચ્છ માતાજીને નમવા, શિવ પર અભિષેક કરવા કે પર્યુષણ પર્વ ઉજવવા કચ્છ આવી લોકસંસ્કૃતિને ઉજગર કરી જાય છે... તમે ક્યારે આવો છો કચ્છ??? (વધુ આવતા અંકે...)

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

મિચ્છામી દુક્કડમ્ Vs ખમત-ખામણાં

પર્વાધિરાજ પર્યુષણનાં આગમનની આપણે વર્ષ દરમ્યાન આતુરતાથી રાહ જોઈએ છીએ. કારણ કે બધાં જ પર્વોમાંથી સૌથી વધારે મહત્ત્વ ધરાવતું આ મોંઘેરું મહાપર્વ, જેના આગમનથી વાતાવરણમાં એક અદ્‌ભુત અધ્યાત્મિકતા છવાઈ જાય છે. આખું વાતાવરણ ધર્મમય બની જાય છે, જેને આપણે અંતરના ઉલ્લાસથી વધાવીએ છીએ.

જે પાવન કરે તે પર્વ. સદ્‌ગુણોનું વિટામીન અને શાંતિનું પ્રોટીન એટલે પર્યુષણ પર્વ. વેરનું વિસર્જન કરી, ને સદ્‌ગતિનું રિઝર્વેશન કરનાર એવા પર્યુષણ પર્વને પાવન બનાવનાર '**પ્ર**' એટલે કે,

પ્રતિક્રમણ – પાછા ફરવું, ખોટાથી સાચા તરફ, પાપથી ગુણો તરફ, અશુભ પ્રવૃત્તિમાંથી શુભ અને **શુદ્ધ** પ્રવૃત્તિઓ તરફ વળવું. અને '**પર**'થી ખસીને '**સ્વ**'માં વસવું.

પ્રવચન – પથ્થર જેવા હૃદયને કોમળ બનાવનાર ઝરણું.

પ્રત્યાખ્યાન – પચ્ચખાણ, ભવિષ્યમાં કોઈ દોષ ન થાય તેનો નિયમ લેવો. તપ દ્વારા કર્મોની નિર્જરા.

પ્રશમ – ક્ષમા કરવાની પ્રોસેસ.

પ્રક્ષાલન – આલોચના થકી આત્માનું શુદ્ધિકરણ.

આ બધી ક્રિયાઓ દ્વારા આપણે આ પર્વને મહાપર્વ તરીકે ઊજવીએ છીએ. આઠ દિવસનાં પર્વ દરમ્યાન બધાં જ ભાગ્યશાળીઓ પોતાની ક્ષમતા મુજબ પ્રતિક્રમણ, તપ, વૈયાવચ્ચ, આયંબિલ, ઉપવાસ જેવી અનેક આરાધનાઓ કરીને પોતાનાં કર્મોને ક્ષીણ કરે છે, તેની નિર્જરા કરે છે.

પર્યુષણ પર્વ દરમિયાન કલ્પસૂત્રનું વાંચન થાય છે. આ કલ્પસૂત્રની ૨૯૧ કંડિકા છે, જેનું માપ બારસો કે તેથી વધારે ગાથા કે શ્લોક પ્રમાણ જેટલું છે તેથી તે 'બારસાસૂત્ર'નાં નામે પ્રચલિત છે. કલ્પસૂત્રના સળંગ વાંચનથી કોઈ વંચિત રહી ગયું હોય તો તે સવંત્સરીના છેલ્લા દિવસે સમગ્ર બારસાસૂત્રનાં Original text ગાથાનું વાંચન ગુરૂ-ભગવંતો દ્વારા થાય છે. આ 'બારસાસૂત્ર'નાં અંતમાં જે વર્ણન આપ્યું છે કે જે ઉપશમ ભાવ રાખીને ક્ષમા ભાવથી ખમાવે છે, તે આરાધક છે. અને જે ઉપશમ ભાવથી ખમાવતાં નથી, કલેશ-કષાય રાખે છે, તે વિરાધક છે. અને અહીં ''**ખમત-ખામણાં**'' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અહીં '**મિચ્છામી દુક્કડમ્**' શબ્દ આપેલ નથી. (Ref. ભગવંતો દ્વારા આપેલા પ્રવચન પ્રમાણે આ માહિતી આપું છું.) અને '**ઉવશમ્ સારમ્ ક્ષમાયેણં**'- સમતા અને શાંતિપૂર્વક બધાંની ક્ષમા માંગવી એ જ પ્રતિક્રમણનો સાર છે.

આમ, આ બન્ને શબ્દો શાસ્ત્રોના હોવા છતાં, એમા થોડુંક અંતર છે. તે જાણવાનો પ્રયત્ન કરીએ.

મિચ્છામી દુક્કડમ્ : (૧) આ પ્રાકૃત અર્ધમાગધીમાં છે

મિથ્યા-૧, મે-૨ દુષ્કૃતમ્-૩, સંસ્કૃત શબ્દ છે.

મિષ્યા-ક્ષય થવું, નષ્ટ થવું (falut have no effect)

મે-મારા દ્વારા કરેલા

દુષ્ક-તમ્-દુષ્કૃત્યો, ભૂલ, અપરાધ.

(૨) અહીં પોતાના દ્વારા કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત છે, આલોચના છે. ગર્હા છે.

(૩) પ્રતિક્રમણમાં ઈર્યાર્વાહમ્ સૂત્રમાં એક ઈન્દ્રિયથી પંચેન્દ્રિયો જીવોને, જેની પોતાના દ્વારા થયેલી વિરાધનાનું મિચ્છામી દુક્કડમ્ છે. પહેલાં અતિચાર, પ્રાણાતિપાતની માફી માંગવી છે. તથા હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય, જુઠું બોલવું, અપરિગ્રહ જેવા દુર્ગુણો (૨-૫માં) અતિચારમાં આપણે ફક્ત મિચ્છામી દુક્કડમ્ માંગીએ છીએ. અહીંયા કોઈ સામેવાળી વ્યક્તિ પાસે ક્ષમા માંગતા નથી. અહીં પાંચ વ્રતોનું અવલોકન કરી તેની આલોચના કરવી છે, ગર્હા કરીએ છીએ, આપણાં દોષોને, ભૂલોને મિથ્યા થાય તે ભાવ છે.

(૪) સંવત્સરી પ્રતિક્રમણ પહેલાં (Confession) આલોચના (મિચ્છામી દુક્કડમ્).

(૫) પરમાત્મા સમક્ષ અંતઃકરણપૂર્વક પાપોનું **શુદ્ધિકરણ** કરી, **આત્મશુદ્ધિ** છે.

(૬) અહીં કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત છે, અને નવા કર્મો ન બંધાય તેની જાગરૂકતા કેળવવાનો બોધ છે.

ખમત ખામણાં: આ પ્રાકૃત (મહારાષ્ટ્ર અને અર્ધમાગધીપ્રાકૃત)માં છે.

ખમત-૧, ખામણાં-૨, (a) ક્ષમા માંગવી-તમે ક્ષમા માંગી રહ્યાં છો કે નહીં. (b) ક્ષમા આપવી તમે ક્ષમા આપી રહ્યાં છો કે નહીં.

(૨) અહીં ક્ષમાપના છે.

(૩) અહીં અઢાર પાપ-સ્થાનકમાંથી ચાર કષાય (ક્રોધ, માન, માયા, લોભ), રાગ-દ્વેષ, અન્ય કલહ, અભ્યાખ્યાન, ચાડી, રતિ-અરતિ, પર-પરિવાદ, માયા-મૃષાવાદ, અને મિથ્યાત્વશલ્ય (૬-૧૮) પાપ સ્થાનક, સંસારમાં રહીને કોઈપણ વ્યક્તિ સાથે થયાં હોય ત્યારે તેની ક્ષમા માંગવી અને ક્ષમા આપવી. જેમાં સકળ સંઘ, દરેક સગા-સંબંધી અને આગળ જઈને જીવરાશિને ખમાવવાનું છે. આ અઢાર

પાપસ્થાનકની અશુભ પ્રવૃત્તિઓ (૮૨) જાતના દુઃખમાં પરિણમે છે.

(૪) અહીં **ક્ષમાપના** છે, સંવત્સરી પ્રતિક્રમણ **પછી** થાય છે.

(૫) અહીં ઉપશમ ભાવ દ્વારા ક્ષમા આપી-માંગીને **સંબંધો**નું શુદ્ધિકરણ છે.

(૬) અહીં સંસારમાં રહીને થઈ ગયેલી ભૂલોની ક્ષમા માંગી આત્માને કર્મમુક્ત કરવાનો સાર છે.

આમ, દરેક શબ્દોનું મહત્ત્વ જે આગમોમાં(શાસ્ત્રોમાં) દર્શાવવામાં આવ્યું છે તેના પર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને, તેનો ઉપયોગ યથાસ્થાને કરવામાં જ તેનો અર્થ અને હેતુ પાર પડે છે. આમ, સાચું જ્ઞાન અને દર્શન મેળવવા માટે તત્પર રહેવું અને તેને આચરણમાં લેવું, એજ આ પર્યુષણ મહાપર્વને ખરા અર્થમાં ઉજવ્યું કહેવાશે. મારા વિચારો આપ સૌ સમક્ષ મૂકવાનો આ નમ્ર પ્રયાસ કર્યો છે.

જિન આજ્ઞા વિરૂદ્ધ મારાથી કંઈ લખાયું હોય, તો 'મિચ્છામી દુક્કડમ્'

-જ્યોત્સના વિરેન પોલડીઆ

સુથરી (ગોએરસમા)-૯૨૨૪૫ ૬૮૭૯૭

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

જુની સાચી જરી ક્યાં વેચવાની....?
KDO સમાજની મુંઝવણ અને તેનો સાચો ઉકેલ...!

ગભરાઓ નહીં, આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન, 'પાંજી દુકાન' મહાવી સારીઝ (સાંતાક્રુઝ-વેસ્ટ)

- જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- જુનાં સાચી જરીના ઘરચોળા-બોર્ડર
- સાચી જરીના સેલા, કાંજીવરમ તથા પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટ્ટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ તથા ઘુઘરી
- અમારી દુકાને વેંચવા લઈ આવો ને સંતોષકારક વળતર મેળવો.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારી દુકાનની મુલાકાત લો.
- અગર તમે અમારી દુકાને ન આવી શકતા હો તો અમને એક ફોન કરો, અમે તમારા ઘરે આવીને તમારી જુની જરીની Item પ્રમાણે રોકડા રૂપિયા આપીશું.
- ગ્રાહક ને ફાયદો વધારે થાય તેવી માત્ર એક દુકાન.
- **Free Home Visit any where any time**
- રોકડા પૈસા-તરત જ ફાઈનલ-સંતોષકારક વળતર

મહાવીર સારીઝ, મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
M. : 91371 46272 / 96195 54801 (રવિવાર બંધ)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

કચ્છી દશા ઓસ્વાલ જૈન સમાજનું સંપર્ક સૂત્ર એટલે કેડીઓ વસ્તીપત્રક (KDOVP)

ટેક્નોલોજીના યુગમાં આ app બહુ જ ઉપયોગી છે અને એને ઉપયોગ કરવા માટે બહુ જ જાહેરાતો પણ કરવામાં આવી છે અને તાજેતરમાં પ્રકાશ સમીક્ષામાં પણ તેના અંગે ખુબ જ સમજણ આપવામાં આવેલ છે અને તેનું મેનેજમેન્ટ પણ સારું છે. પરંતુ હાલમાં મેં મારા નામ સુધારવા માટે એક whats app કરેલ અને ફોન પણ કરેલ છે અને તમામ પ્રકારના ડોક્યુમેન્ટ્સ પણ સાથે મોકલાવેલ છે અને Change of nameની રિકવેસ્ટ પણ accept કરી લીધેલ છે. તા.૨૨ જૂન થી આજ સુધી ૨ મહિનાથી વધુ સમય થઇ ગયેલ હોવા છંતા પણ મને આજ સુધી કોઈ વ્યવસ્થિત જવાબ મળેલ નથી કે મારું નામ સુધારવામાં આવ્યું નથી. તે ન થવા પાછળના કારણો શું છે એની મને ખબર નથી પડતી.

આટલી સક્ષમ app અને કાર્યક્ષમ કાર્યકર્તા હોવા છતાં મારું કામ ક્યાં અટકે છે એની મને જાણ જ કરવામાં આવતી નથી. મારી આ બાબત ઉપર જરૂરથી વિચાર કરવા નમ્ર વિનંતી છે. જિનાજ્ઞા વિરુદ્ધ કઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ.

- બીના વાલજી ધરમશી

૯૫૬૭૭૬૫૪૨૯

વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
સોનલ આર્ટ (થાણા) Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

આરોગ્ય પ્રકાશ

કોલેસ્ટ્રોલ અને ટ્રાયગ્લોસરાઈડ (ચરબી) વિશે સમજણ

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

કોલેસ્ટ્રોલ શરીરમાં રહેલ છે અને તે મીણ જેવી ફેટ છે. તેનાથી જ શરીરમાં કોષોની 'મેમ્બ્રેન', ઘણા હોર્મોન્સ અને વિટામીન ડી બને છે. આપણે જે ખાઈએ એમાંથી યકૃત (લીવર)માં કોલેસ્ટ્રોલ બને. પછી તે લાઈપોપ્રોટીન તરીકે લોહીમાં ફરે છે. કોલેસ્ટ્રોલના બે પ્રકાર છે. LDL એટલે કે લૉ ડેન્સીટી લાઈપોપ્રોટીન અને HDL એટલે હાઈ ડેન્સીટી લાઈપોપ્રોટીન LDL એ ખરાબ કોલેસ્ટ્રોલ છે અને HDL એ સારું કોલેસ્ટ્રોલ છે.

હવે LDL કોલેસ્ટ્રોલ કેમ ખરાબ છે તે સમજીએ. આ કોલેસ્ટ્રોલ (LDL) ધમનીઓમાં 'Plaque' થવા માટે કારણભૂત છે. જ્યારે જ્યારે આપણી લાગણીઓ ઘવાય ત્યારે આપણી નાજુક ધમનીઓમાં એક પોપડી-Plaque જેવું જખમ થાય છે અને એ જખમ પાસે ખરાબ કોલેસ્ટ્રોલ જમા થાય છે. આ LDL કોલેસ્ટ્રોલ લોહીમાં ૭૦ મી.ગ્રા./ડેસી લીટર (dl) થી ઓછું હોય તો સારું. જ્યારે આ લોહીમાં વધે ત્યારે એ ધમનીઓમાં જમા થાય. જેમ જેમ આ ખરાબ કોલેસ્ટ્રોલનો જમાવો ધમનીમાં એક જ જગ્યાએ થાય ત્યારે ગઠ્ઠો તૈયાર થાય. એ જો વધુ મોટો થાય તો એને લીધે લોહીનો પ્રવાહ ગઠ્ઠાના પ્રમાણે ઓછો થાય છે એને લીધે જ તે ભાગનો લોહી ઓછું મળવાથી કે ન મળવાથી ઑક્સીજન અને પોષણ પણ ઓછું મળતું કે ન મળતું. હૃદયના જે ભાગને ઑક્સીજન અને પોષણ ન મળે તે ભાગ મરે છે. જેને હાર્ટઅટેક કહેવાય છે. મગજના જે-તે ભાગને પોષણ અને ઑક્સીજન ન મળે તો તે ભાગ મરે છે જેને લીધે લકવો થાય છે, જેને સ્ટ્રોક કહેવાય છે. મગજના જે ભાગને ઑક્સીજન અને પોષણ ન મળે અને મગજનો તે ભાગ મરે અને હવે મગજનો આ ભાગ જે અવયવનું સંચાલન કરતુંહોય તે અવયવની તકલીફ થાય, તે અવયવનો લકવો થાય. આથી જ સારા કોલેસ્ટ્રોલ HDL નું પ્રમાણ લોહીમાં જેટલું વધુ તેટલી હાર્ટઅટેક કે સ્ટ્રોકની શક્યતા ઘટી જાય છે.

હવે આ ટોટલ કોલેસ્ટ્રોલ અને LDL ખરાબ કોલેસ્ટ્રોલ લોહીમાં ન વધે અને સાથે જ સારું કોલેસ્ટ્રોલ વધે એ માટે શું કરવું જોઈએ?

૧) જે અન્નમાં વધારે સેચ્યુરેટેડ ફેટ હોય, વધારે કોલેસ્ટ્રોલ હોય, વધુ કેલરી હોય એ ખાદ્ય ખાવાના બંધ કરો.

સેચ્યુરેટેડ ફેટ ધરાવતા પદાર્થો :- માખણ, ઘી, પામ ઓઈલ, કેક, બિસ્કીટ, ચીઝ, અમેરીકન ભુટ્ટા, વધારે ફેટ ધરાવતુ દૂધ, પનીર (પનીરમાં સારું ફેટ હોય છે પણ તેમાં સેચ્યુરેટેડ ફેટ પણ હોય જે નુકશાનકર્તા છે)

વધારે કોલેસ્ટ્રોલ ધરાવતા પદાર્થો: મલાઈ, ઘી, માખણ, મિઠાઈ, વધુ ફેટવાળા દહીં, દૂધ, ચીઝ, ડેઅરી પ્રોડક્ટ, તળેલા પદાર્થ અને બેકરીની વસ્તુઓ.

વધુ કેલરી ધરાવતાં પદાર્થો :- માખણ, સર્વ પ્રકારના તેલ, ચીઝ, ચોકલેટ, ચીપ્સ, વેફર, સાકર, આઈસ્ક્રીમ, પીઝા, સલાડ પરનાં ડ્રેસીંગ અને ડ્રાયફ્રુટ્સ (સૂકામેવામાં કેલેરી વધુ હોય છે તેથી જ તે પ્રમાણસર ખાવા જોઈએ).

૨) બેઠાડુ જીવન બિલ્કુલ ત્યજો, નિયમીત ઓછામાં ઓછું અડધો કલાક ચાલવું, દાદરા ચડ-ઉતર કરવા, કસરત, યોગાસન કરો.

૩) વજનને નિમયંત્રણમાં રાખો :- અ) BMT કિ.ગ્રા. વજન/(મીટરમાં ઉંચાઈ)^{2} આનો જવાબ ૧૮.૫ થી ૨૪.૯ની વચ્ચે આવવો જોઈએ. આનાથી વધુ આંકડો આવે તો તે પ્રમાણે નુકશાન વધે.

બ) ઉંચાઈ પ્રમાણમાં વજન : પુરૂષ માટે ઈંચમાં ઉંચાઈના પ્રમાણમાં વદન દા.ત. ૬૨ ઈંચ ઉંચાઈ હોય તો ૬૨ કિલો વજન હોવું જોઈએ. સ્ત્રીઓ માટે ઈંચમાં ઉંચાઈ-૧૦-જે આવે તેટલા કિલો વજન હોવું જોઈએ. દા.ત. ૬૨ ઈંચ-૧૦ = ૫૨ કિલો વજન હોવું જોઈએ.

ક) પેટનો ઘેરાવો : નાભી પાસેથી ઘેરાવો માપતાં તે માપ પુરૂષોમાં ૪૦ ઈંચથી વધુ ન હોવું જોઈએ. અને સ્ત્રીઓમાં ૩૫ ઈંચથી વધુ ઘેરાવો ન હોવો જોઈએ. આખા શરીર પર ચરબી હોય તેનાં કરતાં પેટ ઉપરની ચરબી વધુ નુકશાનકર્તા છે. પેટની ચરબી લોહીમાં ચરબીના કણો છોડતી રહે છે જે નુકશાનકારક છે.

૪) બીડી, સિગરેટ, તમાકુનું વ્યસન છોડો, માવા, ગુટકા, તમાકુવાળા દંતમંજન પણ તેમાં આવી જાય. આ સર્વ થુંકી દેવાતું હોય છતાં મોં માં રહે ત્યાંસુધીમાં મોંની અંદરની ત્વચા (મ્યુકસ મેમ્બ્રેન) તેને શોષીને લોહીમાં ભેળવે છે.

ટોટલ અને ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવાના ઉપાય : ટોટલ કોલેસ્ટ્રોલ ૨૦૦ મી.ગ્રા./dl થી ઓછું હોવું જોઈએ. રોજના ચાર અખરોટ, પાંચ બદામ, ચાર ચમચી અળસી લ્યો. ફાયબર-રેષાયુક્ત ખોરાક વધુ લેવાથી કોલેસ્ટ્રોલ

શરીરમાં ઓછું શોષાય છે. શાકભાજી, ફળો, ડ્રાયફ્રુટ્સ ખાવાથી વધુ ફાયબર આંતરડામાં હોય, જે ખોરાકમાં લીધેલ વધારાનો કોલેસ્ટ્રોલ પોતાની સાથે ખેંચી જાય છે અને તે સંડાસ વાટે બહાર નીકળી જાય છે. જવ, સોયાબીન, બ્લેકબીન્સ, રાજમા વગેરે બીન્સ, ઓટ્સ, નટ્સ, અવાકાડો, બ્લેક બેરી, સ્ટ્રોબેરી વગેરે બેરીસ્, પ્રમાણસર ડાર્ક ચોકલેટ, કોકો વગેરે સર્વ કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરશે. પાણી હંમેશા નવસેકું પીવાથી ખૂબ ફાયદાકારી, જમ્યા પછી ગરમ સૂપ લ્યો. (જમ્યા પછી આઈસ્ક્રીમ, ઠંડા પીણા ખૂબજ નુકશાનકારક છે) રિફાઈન્ડ તેલ, રિફાઈન્ડ અનાજ (સફેદ લોટ, સફેદ ચોખા) મેંદાની ચીજો, બજારૂ પેકેટના ફરસાણ અને અન્ય પેકેટની વસ્તુઓ સદંતર બંધ કરો. રોજ ચણા, પીળા-લીલા વટાણા વગેરે બીન્સ ખાવાથી જાડાપણું નથી આવતું, હૃદય અને લોહીની નશોની બિમારી ઘટે છે, કેન્સર થવાની શક્યતા ઘટે, બ્લડસુગર કન્ટ્રોલ કરે છે, પાચન સુધારે છે.

સ્ટ્રેસ-ટેન્શન જો લાંબો સમય ચાલે તો બી.પી., હાર્ટ રેટ, બ્લડ સુગર વધે છે. શરીરના સ્ટ્રેસ હોર્મોન્સ (કોર્ટીસોલ, એડ્રીનલીન, એપીનેફ્રીન અને નોરએપીનેફ્રીન) ઝરે છે, જે કોલેસ્ટ્રોલ વધારે. હૃદય અને શરીરના બીજા અવયવ પર દબાણ વધારે. હૃદયરોગની સંભાવના વધે માટે જ સ્ટ્રેસ-ટેન્શનથી દૂર રહો. વિટામીન 'સી' વધુ ધરાવતા ખાદ્ય-આમળા, લીંબુ, સંતરા, અનાનસ વગેરે વધુ લ્યો. લીંબુ, કાકડી કે દૂધીની ચાર સ્લાઈસ કરી સ્ટીલ કે કાચના પાણીના જગમાં નાખો, બે કલાક પછી આ પાણી આલ્કલાઈન થઈ જશે. આખો દિવસ આ પાણી પીવા માટે વાપરો, પાણી ઘટે તો તેમાં જ ઉમેરી શકો. જમણની શરૂઆતમાં કાકડી, ટમેટા, ગાજર વગેરે સલાડ લ્યો. કાંદામાં રહેલ Quescetin નામનું તત્ત્વ કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે. જમ્યા પછી નાની ચમચી સૂંઠ પાવડર ફાકી લેવાથી ખાધેલ અન્ન બરાબર પચી જાય છે તેથી ફાયદો થાય છે. ફુદીનો લીવર ટોનિક છે, તેનો પાવડર કે ચટની બનાવી છાસમાં લઈ શકાય. કાચું લસણ કે લસણની ચટની જમણમાં ઉમેરાય તો ફાયદાકારી છે.

કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે બજારમાં મળતી ગોળીઓ જે સ્ટેટીનના નામે ઓળખાય છે. (Atorvastatin, Rosuvastatin, Lipitor, EcosprinAV વગેરે) તેની સાઈટ ઈફેક્ટ ઘણી જ છે. લીવરમાં સોજા કરે છે. કમળો થઈ શકે. લોહીમાં સાકર વધારે, સ્નાયુઓમાં દુ:ખાવો, યાદશક્તિ પર અસર, થાક, માથું દુ:ખવું, ઉબકા, ગેસ થવો, ઉંઘમાં ખલેલ, લોહીમાં પ્લેટલેટ્સ ઘટવા, શરીર પર ખંજવાળ, સેક્સ સંબંધી તકલીફ વગેરે ઘણી આડઅસરો છે. લીવર-કીડનીની તકલીફવાળાએ આ ગોળી ન લેવી.

કોલેસ્ટ્રોલ લોહીમાં વધુ હોય તો શરીરની બધી ધમનીમાં અંદરની દિવાલનો વ્યાસ ઘટે છે જેને અથીરોસ્કેલેરોસીસ કહે છે. આને લીધે શરીરના કોષોને લોહી ઓછું મળે તેથી ઓક્સિજન અને પોષણ ઓછું મળે જે આરોગ્ય માટે સારું નહીં. જેમ જેમ ઉંમર વધે તેમ આ રોગ વધે છે.

ટ્રાયગ્લીસરાઈડ :- આ એક પ્રકારની ચરબી છે જે લોહીમાં હોય છે. શરીર પર ચરબીના થર હોય તે ટ્રાયગ્લીસરાઈડને લીધે છે. ટ્રાયગ્લીસરાઈડનું લેવલ લોહીમાં ૧૬૦ મિ.ગ્રા./dl થી ઓછું હોવું જોઈએ. ડાયાબીટીઝ હોય, હાઈપોથાયરોઈડીઝમ હોય, લીવર કે કીડનીની બિમારી હોય તો પણ લોહીમાં ટ્રાયગ્લીસરાઈડ વધે છે. શરાબ પીવાથી, કોલેસ્ટ્રોલ, સેચ્યુરેટેડ ફેટ અને ટ્રાન્સફેટ ધરાવતા ખાદ્ય લેવાથી લોહીમાં ટ્રાયગ્લીસરાઈડ વધે છે.

આમ ઉપરના પાંચેય ઉપાય કરો અને ટોટલ કોલેસ્ટ્રોલ, ટ્રાયગ્લીસરાઈડ, LDL-ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડો અને HDL-સારું કોલેસ્ટ્રોલ વધારો અને statin ગોળીઓની આડઅસરથી બચો.

આપના લગ્ન / સગાઈ / બર્થડે પાર્ટી
બધાજ શુભ પ્રસંગે માટે

ઑલ ઈન વન સોલ્યુશન

મંડપ
+ કેટરીંગ
+ ડેકોરેશન
+તથા હૉલ

ALL IN ONE

બધુ જ ફક્ત
રૂ. ૩૫૦/- પ્રતિ વ્યક્તિ

Van Vihar
The Tree Resort

Opp. Shiv Residency,
B/F Juna Nagna,
Nava Nagna Rd.,
Jamnagar - 361 008.

Contact : +91 63559 90333, +91 288 2557191
Email : vanviharthetreeresort@gmail.com

ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના

ક્રમ	તપસ્વીનું નામ	ગામ/હાલે	તપસ્યા
૧	મનલક્ષ્મીબેન શાંતિલાલ મોમાયા	સાંયરા/થાણા	વર્ષીતપ, ધર્મચક્ર તપ
૨	રૂપા સંજય ખોના	બારોઈ/કોઈમ્બતુર	વર્ષીતપ
૩	કુંજન ધવલ નાગડા	નલિયા/વડોદરા	વર્ષીતપ
૪	ધવલ રાજેશ નાગડા	નલિયા/વડોદરા	વર્ષીતપ
૫	હાર્દિક મુલચંદ મૈશેરી	સિંઘોડી મોટી/ડોંબિવલી	સિદ્ધિ તપ
૬	મનિષા મણીકાંત પોલડીયા	રંગપુર/ડોંબિવલી	ધર્મચક્ર તપ
૭	મિરલ ધવલ છેડા	સુથરી/ભુજ	સર્વસિદ્ધિ પ્રદાયક ૪૫ દિવસનો તપ
૮	ધ્રુવી હર્ષ છેડા	સુથરી/ભુજ	સર્વસિદ્ધિ પ્રદાયક ૪૫ દિવસનો તપ
૯	ખુશાલ લખમશી પોલડીયા	ડુમરા/બોરીવલી	માસક્ષમણ
૧૦	દિપ્તી શ્રેણિક નાગડા	નાંદેડ	૩૧ ઉપવાસ
૧૧	વિશાલ હરીશ ધરમશી	સેવક ભરૂડીયા/ડોંબિવલી	૩૧ ઉપવાસ
૧૨	ધારિણી સુરેશ શાહ	ગોધરા/ડોંબિવલી	૩૦ ઉપવાસ
૧૩	નિકુંજ કાર્તિક કુંવરજી દંડ	સુથરી/મુલુંડ (વે)	૩૦ ઉપવાસ
૧૪	મુક્તિ ભાવેશ મોમાયા	જખૌ/ગાંધીધામ	૧૬ ઉપવાસ
૧૫	નીતા ધર્મેશ મોમાયા	જખૌ/ગાંધીધામ	૧૬ ઉપવાસ
૧૬	નીતા સોમચંદ લોડાયા	સાંયરા	૧૬ ઉપવાસ
૧૭	મહેશ લખમશી લાપસીયા	કોઠારા/ડોંબિવલી	૧૬ ઉપવાસ
૧૮	દિપાલી દિલીપ સાયલા	સુથરી/ભુજ	૧૬ ઉપવાસ
૧૯	વંદના સમીર લાલકા	વારાપધર/અમદાવાદ	૧૬ ઉપવાસ
૨૦	મેઘના વિપુલ છેડા	તેરા/ગાંધીધામ	૧૧ ઉપવાસ
૨૧	છાયા જયેશ લોડાયા	વાંકુ/ડોંબિવલી	૧૧ ઉપવાસ
૨૨	હિમાંશુ ધીરેશ મુનવર	જખૌ/ભાંડુપ	૯ ઉપવાસ
૨૩	પુનમ વિક્રમ નાગડા	નાંદેડ	૯ ઉપવાસ
૨૪	પુષ્પા નરેન્દ્ર ધરમશી	રાપર ગઢવારી/ડોંબિવલી	૯ ઉપવાસ
૨૫	હેમલતા દિનેશ લોડાયા	મોટી ખાવડી	૯ ઉપવાસ, સમવરણ તપ સાથે
૨૬	નેહા હિંમતલાલ ખોના	રંગપુર/મુલુંડ	૯ ચૌવિહાર સાથે ઉવસગ્ગહર્મ તપ
૨૭	જયંતી શામજી મોતા	નલીયા/અંધેરી	૯ ઉપવાસ
૨૮	ખુશ પરેશ છેડા	નલીયા/વાપી	૯ ઉપવાસ
૨૯	અશ્વિની કલ્પેશ લોડાયા	મોટી ખાવડી/ડોંબિવલી	અઠ્ઠાઈ
૩૦	જવેરચંદ લકમશી ધરમશી	લાલા/મુલુંડ (વે)	ચૌવિહારી અઠ્ઠાઈ
૩૧	ઉર્મિલા જવેરચંદ ધરમશી	લાલા/મુલુંડ (વે)	અઠ્ઠાઈ
૩૨	હર્ષ અજય શિયાલ	જખૌ/ડોંબિવલી (ઈ)	અઠ્ઠાઈ
૩૩	શૈલેષ મધુકર મોતા	નલિયા/જકાર્તા	અઠ્ઠાઈ
૩૪	દિયા પ્રશાંત ધરમશી	સુથરી/મુલુંડ (વે)	અઠ્ઠાઈ
૩૫	ભાવી કેતન મૈશેરી	લાલા/કાંજુરમાર્ગ	અઠ્ઠાઈ
૩૬	વીર કેતન મૈસેરી	લાલા/કાંજુરમાર્ગ	અઠ્ઠાઈ
૩૭	ચેતના હિતેશ મોમાયા	જખૌ/જલગાંવ	અઠ્ઠાઈ

ક.દ.ઓ. જ્ઞાતિના તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના

ક્રમ	તપસ્વીનું નામ	ગામ/હાલે	તપસ્યા
૩૮	મિનલ જનક નાગડા	નાંદેડ	અઠ્ઠાઈ
૩૯	પંકજ ગોસર	બાંડુપ	અઠ્ઠાઈ
૪૦	ચંદન વીરચંદ મોતા	લાખાણીયા/ભાંડુપ	અઠ્ઠાઈ, ચૌદ પુરવ શત્રુંજય ૯૯યાત્રા
૪૧	હંસા ગુલાબચંદ લોડાયા	કોઠારા/ડોંબિવલી (વે)	અઠ્ઠાઈ
૪૨	રોશની સંતોષ મોમાયા	વરાડીયા/ડોંબિવલી (વે)	અઠ્ઠાઈ (સતત આઠમીવાર)
૪૩	વૈશાલી સચિન લોડાયા	સુથરી/ડોંબિવલી (ઈ)	અઠ્ઠાઈ
૪૪	ભાવેશ પદમશી મોમાયા	જખૌ/ગાંધીધામ	અઠ્ઠાઈ
૪૫	આયુષી ભાવેશ મોમાયા	જખૌ/ગાંધીધામ	અઠ્ઠાઈ
૪૬	વિપુલ જયચંદ છેડા	તેરા/ગાંધીધામ	અઠ્ઠાઈ
૪૭	ધર્મેશ પદમશી મોમાયા	જખૌ/ગાંધીધામ	અઠ્ઠાઈ
૪૮	નીપા પરેશ છેડા	સુથરી/મુલુંડ	અઠ્ઠાઈ
૪૯	એકતા રાહુલ લોડાયા	મોટી ખાવડી	અઠ્ઠાઈ
૫૦	તિર્થ નિખીલ શાહ	રાપર ગઢવારી/સોલાપુર	અઠ્ઠાઈ
૫૧	મોક્ષ કલ્પેશ દંડ	લાલા/ડોંબિવલી	અઠ્ઠાઈ
૫૨	નીરવ અતુલ મોમાયા	સાંયરા/રાજકોટ	અઠ્ઠાઈ
૫૩	જીગર કિશોર શિયાલ	જખૌ/ડોંબિવલી	અઠ્ઠાઈ
૫૪	મિનલ પારસ ધરમશી	સુથરી/સુરત	અઠ્ઠાઈ
૫૫	ક્રિષ્ના ઉપેન ધરમશી	નાની સિંધોડી/ડોંબિવલી (ઈ)	અઠ્ઠાઈ (ચૌવિહારી)
૫૬	નેવિલ રાજેશ મોમાયા	સિંધોડી મોટી/બાંડુપ (રે)	અઠ્ઠાઈ
૫૭	ખુશી નિલેશ ડાઘા	વરાડીયા/મુલુંડ	અઠ્ઠાઈ
૫૮	દેશના બિપીન મોમાયા	સાંયરા/ઐરોલી	અઠ્ઠાઈ
૫૯	તોરલ મનીષ મોમાયા	વરાડીયા/કોઈમ્બતુર	અઠ્ઠાઈ
૬૦	વિશીત લીતીન લોડાયા	નાની ખાવડી/કોઈમ્બતુર	અઠ્ઠાઈ
૬૧	મીતા પરેશ શિયાલ	દલતુંગી/ડોંબિવલી	અઠ્ઠાઈ
૬૨	વિરાલી પરેશ ખોના	ધ્રાફા/મુલુંડ (ઈ)	અઠ્ઠાઈ
૬૩	કાજલ તિલક લોડાયા	વડાલા/સિંદોડી મોટી	અઠ્ઠાઈ
૬૪	જીગ્નેશ નરેન્દ્ર નાગડા	રંગપુર/મુલુંડ	અઠ્ઠાઈ
૬૫	શિલ્પા કિરીટ દંડ	સેવક ભરૂડીયા/ડોંબિવલી	અઠ્ઠાઈ
૬૬	દિપ કિરીટ દંડ	સેવક ભરૂડીયા/અમેરિકા	અઠ્ઠાઈ
૬૭	અંજના કલ્પેશ લોડાયા	તેરા/મુલુંડ (ઈ)	અઠ્ઠાઈ
૬૮	નીતા અનિશ મોમાયા	જખૌ/મુલુંડ (વે)	અઠ્ઠાઈ
૬૯	ભુમી અનિશ મોમાયા	જખૌ/મુલુંડ (વે)	અઠ્ઠાઈ
૭૦	કુમારી મુસ્કાન જયંત મોતા	નલીયા/અંધેરી (ઈ)	અઠ્ઠાઈ
૭૧	જીલ કલ્પેશ વિકમશી	સુથરી/ડોંબિવલી	અઠ્ઠાઈ

નામ, ગામ કે વિગતમાં શરતચૂકથી કોઈ ભૂલ થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્

સંકલન : **હેમાંગ શાહ-મો.:૯૯૨૦૬ ૪૬૮૪૬**

શબ્દ કોયડો

ધર્મસંદેશ - તા. ૦૫-૦૯-૨૦૨૩

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



આડી ચાવીઓ :

૨) ચક્રવર્તીનું બીજું નામ (૪)
૫) અંતિમ કુલકર (૨)
૭) પાટણમાં આવેલ ૧૦૦માંના એક પાર્શ્વનાથ (૨)
૮) પર્યુષણ એ ...... પર્વ છે (૨)
૯) ભોપાલ સાગરમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૧૦) પાર્શ્વનાથ ને .... હોય (૨)
૧૧) આ સાત છે (૨)
૧૨) ધન્નાજી પત્નીના ..... સાંભળી વૈરાગ્ય પામ્યા (૨)
૧૩) .... અવતાર મળવો ખૂબજ દુર્લભ છે (૩)
૧૪) બાવીસ અભક્ષ્યમાંનું એક (૨)
૧૫) અતિત ચોવીસીના બારમા તીર્થંકરનું લાંછન (૩)
૧૬) તપગચ્છના ગુરૂભગવંતોના પાત્રાનો રંગ.... હોય (૨)
૧૭) ચક્રવર્તી છ ....ના રાજા હોય (૨)
૧૮) .... ના દિવસો સાંકળા હોય (૨)
૧૯) આ આઠ છે (૨)
૨૦) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૨) આ ગચ્છની સંવત્સરી ચોથના હોય (૪)
૨૪) મધ એ ...... છે (૩)
૨૬) ચંદનબાળાનું બીજું નામ (૪)
૨૭) અહીં નરક છે (૫)
૨૯) સાધુ ભગવંતોનું પ્રવાહી વાપરવાનું પાત્ર (૪)
૩૦) ગુરૂ ભગવંતોને બે...... જોડી વંદન કરો (૨)

ઊભી ચાવીઓ :

૧) ..... ને રક્ષા પોટલી દીક્ક કુમારીઓ બાંધે (૪)
૩) જીનાલય (૪)
૪) નુતન દીક્ષાર્થીઓની અમુક દિવસ પછી .... દીક્ષા હોય (૨)
૫) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૬) જંબુદ્વીપના આ ક્ષેત્રમાં આરાનું પરિવર્તન નથી થતું (૫)
૧૧) ઘોઘામાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૧૨) પરમાત્માનો જન્મભિષેક અહીં થાય (૫)
૧૩) પ્રભુ કયા રાગમાં દેશના આપે (૪)
૧૫) ગુરૂ ભગવંતોના ..... સફેદ હોય (૨)
૧૯) ગુજરાતના આ જિલ્લામાં ઘણા બધા જિનાલયો છે (૨)
૨૦) મુંબઈના આ પરામાં જીરાવલ્લાનું જીનાલય છે (૪)
૨૧) નવમું પાપ સ્થાનક (૨)
૨૩) .... વગર ગુરૂભગવંતોને પણ પદવી મળવી અશક્ય છે (૩)
૨૪) દામોદર સ્વામીએ ...... ચોવીસીના નવમા તીર્થંકર હતા (૩)
૨૫) પ્રભાવનાની એક ખાવાની વસ્તુ (૩)
૨૭) ઉકાળેલું ..... પીવાથી અસંખ્ય જીવોને અભયદાન આપવાનું પુણ્ય મળે છે (૨)

ધર્મસંદેશ - ૨૦.૦૮.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ : (૧) ખંભાત (૩) શાલીભદ્ર (૬) અક્ષત (૭) પર્ષદા (૯) વાણી (૧૦) દાદા (૧૧) રાપર (૧૩) નામ (૧૪) સેવા (૧૫) છ (૧૬) દસ (૧૭) રજત (૧૮) ડીસા (૨૨) તપોવન (૨૩) શમીના (૨૪) ધન (૨૫) યોની (૨૭) તાના (૨૮) ઝાંઝણશાહ (૨૯) વહી (૩૦) નવલખા (૩૧) મોહ. **ઊભી ચાવીઓ :** (૧) ખંધક (૨) તરપણી (૪) ભટેવા (૫) વ્યંતર (૬) અષ્ટાપદ (૮) દાદાવાડી (૯) વામજ (૧૨) રસ (૧૩) નારકી (૧૯) સાત (૨૦) રાવણ (૨૧) ભુવન (૨૩) શની (૨૪) ધનાવહ (૨૫) યોજન (૨૬) ચાણસ્મા (૨૮) ઝાંખા.

॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥ KDO ॥ શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ, તેરા
શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા

ઐતિહાસિક ધાર્મિક પ્રાકૃતિક

આયોજીત

આસો માસની શાશ્વતી નવપદજીની આયંબિલ ઓળી

અતર વાયણા	ઓળી પ્રારંભ	ઓળી પુર્ણાહૂતિ	પાવન પારણા
આસો સુદ ૬, ગુરૂવાર તા. ૧૯–૧૦–૨૦૨૩	આસો સુદ ૭, શુક્રવાર તા. ૨૦–૧૦–૨૦૨૩	આસો સુદ ૧૫, શનિવાર તા. ૨૮–૧૦–૨૦૨૩	આસો વદ ૧, રવિવાર તા. ૨૯–૧૦–૨૦૨૩

દિવ્યકૃપા : શાસનસમ્રાટ, ગચ્છ કેસરી, અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

તપચક્ર ચક્રવર્તી, સંઘશિરછત્ર, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

-: આજ્ઞા અને શુભાશિષ :-

સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

પધારો ! પધારો !! પધારો !!!

તેરા, કુવાપધ્ધર, લાખણીયા અને ધુફ્રી તથા નીચાણી પરિવાર સહ જ્ઞાતિના સર્વે તપસ્વીઓને, તેરા તીર્થે પધારી આસો માસની શાશ્વતી આયંબિલની ઓળીની તપસ્યાનો લાભ આપવા વિનંતી.

શુભનિશ્રા : અચલગચ્છાધિપતિશ્રી નાં આજ્ઞાનુવર્તીની **પ.પૂ. સાધ્વીશ્રી અર્હતાકિરણાશ્રીજી મ.સા.** નાં શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.**

તેરા તીર્થની પાવન ધરાપર **શ્રી જીરાવલ્લા દાદા** અને **શ્રી શામળીયા દાદા** સહ ગુરૂ ભગવંતોની અસીમ કૃપાથી આસો માસની શાશ્વતી આયંબિલની ઓળીના પ્રસંગે પધારવા આપ સૌને ભાવભર્યું આમંત્રણ.

આ પાવન પ્રસંગે તેરા તિર્થની ક્ષેત્ર સ્પર્શના, નિશ્રા દાતા ગુરૂમૈયાનાં દર્શન-વંદન-વૈયાવચ્ચ, આરાધકોનાં દર્શન સહ આત્માનાં કલ્યાણાર્થે, ભવોભવના કર્મ બંધન ખપાવવા આપશ્રીને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ.

તા. ૧૯–૧૦–૨૦૨૩ ના રાત્રે મહાકાળી માતાજીની ભાવના પધારેલા મહેમાનો દ્વારા ભણાવવામાં આવશે.

ઓળીના પર્વ દિવસો દરમ્યાન દરરોજ વ્યાખ્યાન, સિધ્ધચક્ર આરાધના અને ઓળી દરમ્યાન સિધ્ધચક્ર પૂજન ભણાવવામાં આવશે. (જે કોઈ ભાગ્યશાળી પરિવારને શ્રી સિધ્ધચક્ર પૂજન ભણાવવું હોય તો ટ્રસ્ટીઓનું સંપર્ક કરવા વિનંતી.)

સવંત ૨૦૭૯ શ્રી આસો માસ આયંબિલ ઓળીનો લાભ લેનાર લાભાર્થી પરિવાર

૧) માતુશ્રી ઝવેરબાઈ કલ્યાણજી લોડાયા (તેરા-વડોદરા-આણંદ)
૨) શ્રીમતી જયોતિબેન નરેન્દ્રભાઈ દંડ (તેરા-મુલુંડ-આણંદ પરિવાર)
૩) શ્રી અરૂણાબેન મહેન્દ્રભાઈ દંડ (તેરા-ગાંધીધામ-આણંદ પરિવાર)
૪) શ્રીમતી તોરલબેન કુમારભાઈ દંડ (તેરા-ભાંડુપ-આણંદ પરિવાર)
૫) શ્રીમતી શોભનાબેન ચીમનલાલ દંડ (તેરા-અંકલેશ્વર-આણંદ પરિવાર)
૬) શ્રીમતી લલીતાબેન હીરાચંદભાઈ દંડ (તેરા-હુબલી-આણંદ પરિવાર)
૭) શ્રીમતી જયાબેન ધનપાલ દંડ (તેરા-ડોંબિવલી-આણંદ પરિવાર)
૮) શ્રીમતી પ્રેમિલાબેન નવિનચંદ્ર નાગડા (તેરા-મુંબઈ)
૯) માતુશ્રી ગંગાબાઈ નારાણજી શીવજી દંડ (તેરા-ગાંધીધામ)
૧૦) માતુશ્રી માંકલબાઈ નરશી ખેતશી લોડાયા (તેરા-અંજાર)
૧૧) શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર લોડાયા (તેરા-નાહુર)
૧૨) શ્રીમતી હંસાબેન નરેન્દ્રભાઈ ખોના (તેરા-મુલુંડ)
૧૩) શ્રી જયકાંત રાયચંદ મોતા (તેરા-ઘાટકોપર)
૧૪) શ્રીમતી સરિતાબેન બિપીનચંદ્ર છેડા (સુથરી-મુંબઈ)
૧૫) શ્રીમતી ચંદ્રીકાબેન કિશોરભાઈ રતાણી (તેરા-પૂના)
૧૬) શ્રીમતી નીતાબેન નરેશભાઈ જૈન હ. પલવી લાપસીયા (તેરા-અબુધાબી)
૧૭) શ્રીમતી મનલક્ષ્મી ઉર્ફ દિપાલીબેન દિપક સાયલા (તેરા-મુલુંડ)

લાભાર્થી પરિવારની અનુમોદના – અભિવાદન સાથે ખૂબ ખૂબ આભાર...

હજી કોઈ પણ ભાગ્યશાળીને આયંબિલની ઓળીનો લાભ લેવો હોય તો ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા વિનંતી.

તપસ્વીઓને સૂચના : જ્ઞાતિમાંથી તેરા તીર્થ આસો માસની આયંબિલ ઓળી કરવા પધારનાર તપસ્વીઓ પોતાનું નામ ત્વરીત લખાવવા વિનંતી છે.

સંપર્ક : **ગિરીશભાઈ મલ્લ - 94262 65232 / હિરાચંદ છેડા - 81402 90490**

સવિશેષ નોંધ : શ્રી શામળીયાજી જિનાલય દ્વિ શતાબ્દી મહા-મહોત્સવ **તા. ૨૭–૧૨–૨૦૨૩ થી તા. ૩૧–૧૨–૨૦૨૩** દરમ્યાન તેરા તીર્થ મધ્યે ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ પાવન પ્રસંગે તેરા-કુવાપધ્ધર-લાખણીયા તથા ધુફ્રી ગામના ભાઈ બહેનો તેમજ ચારેય ગામની નિયાણી બહેનો તથા સમગ્ર જ્ઞાતિજનોને આ મહામહોત્સવ પ્રસંગે પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

નોંધ : આવતા વર્ષે **શ્રી જીરાવલ્લા દાદાની ૧૬૬ મી** અને **શ્રી શામળીયા દાદાની ૨૦૩ મી ધ્વજા** સંવત ૨૦૮૦ મહાસુદ-૫ (વસંત પંચમી) **મંગળવાર તા. ૧૩–૨–૨૦૨૪** ના શુભ દિને આવે છે.

લિ. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ, તેરા • શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા • શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - તેરા
શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા
શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

ઐતિહાસિક ધાર્મિક પ્રાકૃતિક

શ્રી તેરા તીર્થે, શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવની આમંત્રણ પત્રિકાના

''કંકુ છાટણા'' અને ''દ્વિશતાબ્દિ લાખેણી ધ્વજાના દર્શન'' અને ક્ષમાપના

શ્રી તેકુલાધુ તથા તેમના નિયાણી પરિવાર અને આમંત્રિત પરિવારજનો,

શ્રી તેરા તીર્થના સોહામણા, ચમત્કારીક એવા શ્રી શામળીયા જિનાલયના દ્વિશતાબ્દિ મહામહોત્સવની આમંત્રણ પત્રિકા ના ''**કંકુ છાટણા**'' અને ''**દ્વિશતાબ્દિ ની લાખેણી ધ્વજાના દર્શન**'' તથા ક્ષમાપનાના કાર્યક્રમ પ્રસંગે આપ સહુ ને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. અને જૈન શાસનના આ રૂડા કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિનો લાભ આપવા નમ્ર વિનંતી.

: તારીખ અને વાર :
૨૪/૦૯/૨૦૨૩ રવિવાર

: સ્થળ :
શ્રી ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ).

: સમય :
સવારના ૯.૦૦ કલાકેથી

: શુભ આજ્ઞા અને આર્શીવાદ :

સાહિત્ય દિવાકર રાજસ્થાન દિપક, અચલગચ્છાધિપતિ

પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

સર્વે આચાર્ય ભગવંતો, સર્વે પદસ્થ સાધુ-સાધ્વીશ્રી ભગવંત અને અચલગચ્છના સર્વે મુની ભગવંતો અને સાધ્વીશ્રી ભગવંતો

: શુભ નિશ્રા :

બા.બ્ર., તેરા રત્ના, દીર્ઘ સંયમી **પ.પૂ. સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા.** આદી ઠાણા

માર્ગદર્શન અને કાર્યક્રમ સંચાલન એવમ્ સંગીતકાર :

નવકાર મંત્ર આરાધક, તપસ્વી, સુશ્રાવક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને બંધુ ત્રીપુટી**

નોંધ :

૧) સર્વે લાખેણા દાતા અને મુખ્ય ચડાવા લેનાર સર્વે પૂણ્યશાળી પરિવારોને આમંત્રણ પત્રિકા લખવાનો અને કંકુ છાટણા કરવાનો લાભ આપવામાં આવશે. સહ પરિવાર પધારવા વિનંતી.

૨) ભાઈઓએ ચુડીદાર - ઝબ્બો અને બહેનોએ ઘરચોળા - બાંધણી - વસ્ત્ર પરિધાન કરવા વિનંતી.

૩) કાર્યક્રમ દરમ્યાન દ્વિશતાબ્દિ મહામહોત્સવના થોડા બાકી રહેતા ચડાવાઓ પણ લેવામાં આવશે.

૪) તા. ૨૭-૧૨-૨૦૨૩ થી તા. ૩૧-૧૨-૨૦૨૩ ના તેરા તીર્થે શ્રી શામળીયા જિનાલય મહામહોત્સવની રૂપરેખા દર્શાવવામાં આવશે.

૫) જે ભાગ્યશાળી પરિવારોએ પોતે ટ્રેન ટીકીટ કઢાવી છે, તેમને નમ્ર વિનંતી તમારી ટીકીટ ની એક ફોટો કોપી (સર્વેના નામના વિગતની સાથે) રીસેપ્શન કાઉન્ટર ઉપર જમા કરાવશોજી જેથી ટ્રેનના પ્રવાસ દરમિયાન આપના ભોજન વગેરેની વ્યવસ્થા સુનિશ્ચિત રીતે થઈ શકે.

પર્યુષણ પર્વ દરમિયાન તેકુલાધુ અને નિયાણી પરિવારમાંથી જે કોઈ ભાગ્યશાળીએ ૮ (અઠ્ઠાઈ) અથવા તેથી વધુ ઉપવાસ કર્યા હોય તેમનું નામ લખાવશોજી.

સંપર્ક : તેજસ નાગડા – 95959 13111   મમતાબેન શાહ (ધરમશી) – 95943 38358

લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન – તેરા • શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ – તેરા
શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ • શ્રી શામળીયા જિનાલય દ્વિશતાબ્દિ મહામહોત્સવ સમિતિ

।। શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ ।।

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયા દ્વારા આયોજિત સ્નેહમિલન સહ સ્વામિવાત્સલ્ય

નલીયાવાસી જ્ઞાતિજનો તેમજ નિયાણી બહેનોને પધારવા સસ્નેહ આમંત્રણમ્!

નલીનપુર ! કાળાંતરે આજનું નલીયા. જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશી નાથાની જન્મભૂમિ નલીયા ગામને ગૌરવાન્વિત કરાવવામાં કેટલાય શ્રેષ્ઠિવર્યોના નામો ઈતિહાસના પાને નોંધાયેલા છે. આજે પણ ઈતિહાસના પાનાઓને ખોલતાં નલીયા ગામનો દબદબો આજ દિન સુધી અકબંધ રહેલો છે.

મહાજનશ્રી દ્વારા કાર્યાન્વિત વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત સ્નેહમિલન અને સ્વામિવાત્સલ્ય, જે નલીયાવાસી જ્ઞાતિજનો સાથે મળવાનું એક માધ્યમ રહ્યું છે. સ્નેહનો સરવાળો અને આત્મિયતાનો ગુણાકાર એ જ સ્નેહમિલન! છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન મહાજનશ્રી દ્વારા થયેલ વિવિધ પ્રવૃત્તિઓનું પણ આપશ્રી સમક્ષ જરૂરથી આલેખન કરીશું. મહાજનશ્રીની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉદારદિલ લાભાર્થીઓની પણ રંગમંચ પરથી અનુમોદના કરીશું. નલીયાવાસી જ્ઞાતિજનોનું આગમન, સાથ અને સહકાર એજ સ્નેહમિલનની સફળતા નિશ્ચિત રહેશે. મહાજનશ્રી, નલીયાવાસી જ્ઞાતિજનો તેમજ નિયાણી બહેનોને સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. હા! તારીખ નોંધી રાખશો. ફરી આપણે સહુ સ્નેહમિલન પ્રસંગે મળીએ અને નલીયાના ઈતિહાસની જ્ઞાતિય ગાથાઓને ફરી માનસપટલ ઉપર અંકિત કરીએ...

: શુભ દિન :
રવિવાર,
તા. ૦૧.૧૦.૨૦૨૩
: સમય :
સવારે ૯:૦૦ થી
સંપૂર્ણ દિવસ

: સ્નેહમિલન વાટિકા :
મેવાડ કેસરી ભવન,
લખી હાઉસ, ગુરૂદ્વારાની સામે,
એલ.બી.એસ. માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

સ્નેહમિલન પ્રસંગમાં શું-શું હશે ? તે પ્રશ્ન આપશ્રીને જરૂર થયો હશે. દીપ પ્રાગટ્ય, શ્રી નવકાર મહામંત્ર સ્મરણ અને શેઠશ્રી નરશી નાથાની છબીને માળારોપણથી શરૂ થયેલ કાર્યક્રમમાં ઉપાશ્રય તેમજ સ્નેહમિલનના દાતાશ્રીઓનું બહુમાન તથા છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન નલીયા મહાજનશ્રી દ્વારા થયેલ વિવિધ પ્રવૃત્તિઓની ઝલક ડિઝીટલ સ્ક્રીન ઉપર પ્રદર્શિત થશે. શ્રીમતી કાજલબેન ઓઝા અને શ્રી બશીસ ગાલા દ્વારા યુવાનો માટે પ્રેરક પ્રવચન, મનોરંજન, ધાર્મિક, રમત- ગમત, મ્યુઝિકલ નાઈટ વગેરે અવનવા કાર્યક્રમોનો રસપ્રદ રસથાળ હશે.

હા ! સાધર્મિક ભક્તિ અને ચોવિહાર આપણે સહુ સાથે મળીને લઈશું. તો છો ને તૈયાર ? પ્રસંગ માણવા ને ! એક દિવસ નલીયા માદરેવતન માટે આપણે સહુ જરૂરથી સમર્પિત કરીએ...

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયા વતી સર્વે ટ્રસ્ટીગણના**
પ્રણામ અને જય જિનેન્દ્ર!

માણસોને ટચ કરો, સ્ક્રીનને નહીં

Alpa Dharamshi (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.

''સંબંધો હવે કઠિન બની ગયા છે. કારણ કે વાતચીતો ટેક્સટીંગ બની ગઈ છે. દલીલો ફોન કોલ્સ બની ગઈ છે અને લાગણીઓ સ્ટેટસ અપડેટ બની ગઈ છે.''

